ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

મેદાનમાં હારેલો માણસ
ફરી જીતી શકે છે
પરંતુ
મનથી હારેલો માણસ
ક્યારેય જીતી શકતો નથી

## જન્મદિને વધામણી



મુન્નીબેન
મો. ૮૯૮૦૯ ૨૩૫૯૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

મનોદિવ્યાંગ ખેલાડીઓ માટેના રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લો રાજ્યમાં છઠ્ઠા સ્થાને

# સ્પે. ખેલ મહાકુંભમાં જિલ્લાને ૪૦ મેડલ



ગાંધીનગર, તા. ૨૫

મનોદિવ્યાંગ ખેલાડીઓ માટેના સ્પેશિયલ ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાને ૪૦ મેડલ પ્રાપ્ત થયા છે, જેમાં બે ગોલ્ડ મેડલ સામેલ છે. રાજ્યભરના જિલ્લાઓમાં મેડલની બાબતમાં ગાંધીનગરને છઠ્ઠું સ્થાન મળ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય કક્ષાની આ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની અત્યાર સુધીની સૌથી મોટી ટીમ જોડાઈ હતી, જેમાં ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા એમ ચારેય તાલુકાના મળીને કુલ ૧૪૭ જેટલા ખેલાડીઓ સામેલ હતા.

સૉફ્ટ બૉલ, હેન્ડબૉલ, ફૂટબૉલ, બેડમિન્ટન, ૪૦૦ મીટર દોડ, ૮૦૦ મીટર દોડ, ૧૦૦ મીટર વૉક જેવી રમતોમાં ભાગ લઈને જિલ્લાના ખેલાડીઓએ આ મેડલ પ્રાપ્ત કર્યા હતા. જિજ્ઞેશ વસંત રાવલ અને વિનુભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પૌરીન પટેલ, વિશ્વાસ મિસ્ત્રી, જિતેન્દ્ર પટેલ, રમીલાબેન પટેલ, પ્રકાશ ગોસ્વામી, ભૂપેન્દ્રસિંહ ચાવડા, વિજય દેસાઈ, અર્ચનાબેન રાવલ, જયશ્રીબેન, રમેશભાઈ દેસાઈ, વિરેન્દ્ર ભટ્ટ, ભોળાભાઈ પટેલ વગેરે વિશિષ્ટ શિક્ષકોએ ગાંધીનગર જિલ્લાના આ ખેલાડીઓને આ રમતો માટે તાલીમ આપીને તૈયાર કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારી રાકેશભાઈ ચૌધરીએ સમગ્ર જિલ્લાના ખેલપ્રેમીઓ વતી વિજેતા ટીમ સહિત વિશિષ્ટ શિક્ષકોને પણ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૬૫મો મણકો ॥




૩. બલૂચિસ્તાનની રાજધાની ક્વેટામાં લગભગ છેલ્લી માંદગી ભોગવતા - ઝીણા પડ્યા છે. મિલીટ્રી હોસ્પિટલમાં ઔરંગઝેબ ખાન સાથે ઘરોબો, અંગત વાત કરતા. એમણે પોતાનાં સંસ્મરણોમાં લખ્યું છે : 'તમારો તો ઘણો ઉપકાર છે. તમારે લીધે તો આ દેશ બન્યો. પણ તમે તમારી જિંદગીમાં કોઈ ભૂલ કરી છે ?' 'ભૂલ થાય.' 'મોટામાં મોટી ભૂલ કઈ કરી ?' 'ડિવીઝન ઑફ ઈન્ડિયા.' હિન્દુસ્તાનના ભાગલા. એ જિંદગીની મોટામાં મોટી ભૂલ.

આમ પસ્તાવા થયા, પણ બહુ મોડા. એ પહેલાં તો નિર્દોષ લોકોએ પોતાનાં બલિદાન આપ્યાં હતાં.

કેટલે અંશે કોણ નિર્દોષ ? એની તપાસ કરવાનું હું તમને લોકોને સોંપું છું. કારણ કે એની તપાસ કરનારાએ પોતાની છાતી પર હાથ મૂકીને તપાસ કરવાની છે.

સમાજના પાપનો હું પણ જવાબદાર છું.

આપણે પણ જવાબદાર છીએ ? જે સમાજે જાતિવાદને પોષ્યો હોય, સંપ્રદાયવાદને પોષ્યો હોય, ભાગલા પડાવીને ટકનાર સામ્રાજ્યવાદને ટેકો આપ્યો હોય એમાં ભાગલા પડે. અંગ્રેજોના આવ્યા પહેલાં બે કરતા હતા, પછી ત્રીજુંય કર્યું.

ઉત્તેજિત થઈને ગાંધીજી મુસ્લિમોને સાથ આપતા હતા એટલે એમની હત્યા થઈ એમ પણ કહેવામાં આવે છે. માણસ છે, ઉત્તેજનામાં આવે તો ખરાબ કૃત્યો કરે એ સમજી શકાય એવી વાત છે.

પણ ૧૯૪૮માં આ ગોળીઓ વાગી, ૧૯૭૪માં ગાંધીજીના વાહન ઉપર બૉમ્બ પડ્યો, ત્યારથી જે ૧૪ વર્ષ જે પરિસ્થિતિ રહી તેને ઉત્તેજના કહેવાય ? નેરલ સ્ટેશન પર ગાડીને ઉથલાવવાના જે પ્રયત્નો થયા તેને ઉત્તેજના કહેવાય ? પંચગીનીમાં અને હું આનો વ્યક્તિગત સાક્ષી છું, છેલ્લી માંદગી પછી આરામ લેવા ગયા હતા



ત્યાં એક ટોળું આવીને શોરબકોર કરતું હતું. ગાંધી મુર્દાબાદ. તો તો મારે એમને મળવું છે. અમારે એનું મોઢું નથી જોવું. એમ કહી ઈનકાર કરવો. એ ટોળું પકડાયું અને છરો મળ્યો, એનું નામ નથુરામ ગોડસે હતું. આ ૧૯૪૮ની ઘટના ન હતી.

હૈદરાબાદના ખાકસાર લોકોએ ગાંધી-ઝીણાની મુંબઈ મુલાકાત પહેલાં માર્ચ પાસ્ટ કરી હતી.

અમે તો આ મુલાકાત થવા જ નહીં દઈએ.

એ ટોળામાં અમારો માણસ ઘૂસાડી દીધો હતો, એમાં જાણવા મળ્યું કે આ લોકોના ઈરાદા વધારે ગંભીર લાગે છે. પકડ્યા ને સર્ચ કર્યું તો ત્યાં બીજીવાર એક જણના હાથમાંથી છરો મળ્યો. જેના હાથમાંથી છરો મળ્યો એનું નામ થત્તે હતું, પણ એ ટોળાનો એક સભ્ય નથુરામ ગોડસે હતો.

અગ્રણી નામનું એક છાપું નીકળતું હતું. આ વાત વર્ષો પહેલાંની છે જ્યારે ગાંધીજી એમ કહેતાં કે મારી ઈચ્છા ૧૨૦ વર્ષ જીવવાની છે. પણ જીવવા દેશે કોણ ? એ છાપાનાં તંત્રી હતા નથુરામ ગોડસે.

ઉત્તેજનામાં આવીને થયેલું કૃત્ય છે એ કેટલું વાજબી છે એ વિચારીને નિર્ણય કરજો.

પણ મારે કહેવું એ છે કે કોઈ એક વ્યક્તિને જવાબદાર ઠરાવીને આપણે ચોખ્ખા થઈ જઈ શકીએ એમ છીએ ? આપણે પણ સમાજના ભાગ છીએ. કેન્સર જેવી જાતિવ્યવસ્થા, સંપ્રદાયને રોજેરોજ કેટલો પોષીએ છીએ એનો વિચાર ન કરીએ ત્યાં સુધી ગાંધી હત્યાનો વિચાર ન કરવો જોઈએ.

એમને માટે એ મૃત્યુ એ ઈચ્છામૃત્યુ હતું.

૩૦મી જાન્યુઆરી, ૧૯૪૭. મરણ પહેલાં બરાબર એક વર્ષ પહેલાં.

મનુબહેનની ડાયરી : આજે બાપુએ કંઈક વિચિત્ર વાત કરી. હું જો માંદો પડીને પથારીમાં પડ્યો પડ્યો મરું તો તું છાપરે ચડીને દુનિયાને કહેજે કે તમે લોકો માનો છો એવો મહાત્મા આ માણસ નહોતો. પણ જો હું પ્રાર્થનમાં જતો હોઉં અને કોઈ માણસ આવીને મને ગોળી દે અને ગોળી હું સામી છાતીએ ગોળી ઝીલું તો તું કહેજે કે આ માણસ ભઘવાનનો દાસ હતો.

એક વર્ષમાં એમણે ત્રણ જણાને જુદા જુદા પ્રસંગે આ વાત કહી છે અને પોતાનું મોત આવું હશે એવી કંઈક કલ્પના એમને હશે એવું માની શકાય છે.

એક વાર માઉન્ટબેટનને કહ્યું હતું : હું તો કોઈકવાર પ્રાર્થનામાં જતો હોઈશ ને મને કોઈક ગોળીએ દેશે.

એમની દૃષ્ટિએ એ ઈચ્છામૃત્યુ જ હતું.

મરતાં પહેલાં છેલ્લી મુલાકાત સરદાર પટેલ સાથે થઈ હતી.

પ્રશ્ન ગુજરાતમાં ખાસ પૂછાય છે : કેમ એમને વડાપ્રધાન ન બનાવવામાં આવ્યા ? પહેલો જવાબ હું આપી ચૂક્યો છું, કે મારું સાંભળે છે કોણ ?

બીજાં કારણો પણ સમજવા જેવાં છે. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ

## નીલાબેન મુલતાની પીએચડી થયાં



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નિવાસી અને આસી. પ્રૉફેસર તરીકે સેવારત નીલા મુલતાનીએ હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ વિષયમાં 'એ સ્ટડી ઓન વર્કિંગ કંડીશન્સ ઓફ વુમન વર્કર્સ એન્ગેજ્ડ ઈન એગ્રીકલ્ચરલ ફાર્મિંગ સેક્ટર ઓફ ગુજરાત' વિષયે મહાશોધ નિબંધ સી યુ શાહ યુનિવર્સિટી, વઢવાણને સુપ્રત કર્યો હતો. યુનિવર્સિટીના સિનિયર પ્રૉફેસર ડૉ. એ એન સંઘવીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ નિબંધને માન્યતા આપીને યુનિવર્સિટી દ્વારા નીલા મુલતાનીને પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

## આજે ગાંધીનગર ટાઉનહૉલમાં 'મા-બાપને ભૂલશો નહિ' સામાજિક નાટક ભજવાશે

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ભાવસાર મિત્ર મંડળનો સંયુક્ત ઉપક્રમ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ભાવસાર મિત્ર મંડળના સંયુક્ત ઉપક્રમે સાગર ઍકેડેમી, હિંમતનગર નિર્મિત સામાજિક નાટક 'માબાપને ભૂલશો નહિ' બુધવાર, તા. ૨૬ના રોજ રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યું છે.

મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ પી ભાવસારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જ્યોતિષ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહેશે. ગાંધીનગરમાં વસતા સૌ ભાવસાર પરિવારજનોને આ નાટ્યપ્રયોગનો લાભ લેવા તેમણે મંડળ વતી આમંત્રણ પાઠવ્યું છે.

## ગાંધીનગર નાઈપરનો છઠ્ઠો પદવીદાન ૨૯મીએ યોજાશે

### એઈમ્સ દિલ્હીના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયા અને આઈઆઈએસસી બેંગ્લોરના પ્રો. બિક્રમજિત બસુ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સ્થિત ફાર્માસ્યુટિકલ શિક્ષણ તથા સંશોધન માટેની અગ્રણી સંસ્થા નાઈપર-અમદાવાદ ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ તેનો છઠ્ઠો પદવીદાન સમારંભ યોજવા સજ્જ છે. ૨૦૦૭માં ભારત સરકારના કેમિકલ અને ફર્ટિલાઈઝર્સ મંત્રાલયના નેજા હેઠળ સ્થપાયેલી નાઈપર એ રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સંસ્થા છે જે ફાર્માસ્યુટિકલ અને બાયોમેડિકલ સાયન્સિસ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનમાં કાર્યરત છે. આ પ્રસંગે એઈમ્સ દિલ્હીના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયા મુખ્ય અતિથિ તરીકે તથા આઈઆઈએસસી બેંગ્લોરના પ્રો. બિક્રમજિત બસુ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેશે. પદવીદાન સમારંભમાં હાજરી આપનારા અન્ય મહાનુભાવોમાં વી.એન. ન્યુરો કેર સેન્ટર, મદુરાઈના ડિરેક્ટર ડો. નાગરાજન વી., નાઈપર કોલકાતાના ડિરેક્ટર ડો. રવિચંદ્રન વી., તથા નાઈપર ગુવાહાટીના ડિરેક્ટર ડો. યુ.એન.એસ. મૂર્તિ હાજર રહેશે.

## પૂ. છગનભા રમતોત્સવમાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ઝળક્યું

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આયોજિત પૂ. છગનભા રમતોત્સવ તાજેતરમાં કડી ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ના ઉચ્ચતર વિભાગના વિદ્યાર્થીઓએ કબડ્ડીની ફાઈનલ સ્પર્ધામાં કડીની શાળાને જોરદાર હાર આપીને શિલ્ડ તથા ટ્રોફી જીતી લીધી હતી.

શાળા પરિવાર વતી નિયામક નટુભાઈ લાડાણી અને આચાર્ય દ્વારા આ વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધા માટે સુપરવાઈઝર હસમુખભાઈ એન પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ક્રિસમસ કાર્નિવલ





આલમપુર ખાતે સ્થિત ગાંધીનગરની અગ્રણી સીબીએસસી સ્કૂલ, રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ક્રિસમસ કાર્નિવલ અને ઍન્ટરપ્રેન્ટરશીપ ફૅરની ઉજવણી કરવામાં આવી હતી.

મંગળવારે યોજાયેલા આ કાર્નિવલમાં રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ઉપરાંત રંગોલી પ્રિસ્કૂલ દ્વારા પચીસથી વધુ ફૂડ અને ગેમ્સના સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા. રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઍન્ટરપ્રેન્યરશીપ પ્રોગ્રામ અંતર્ગત ફૂડ અને ગેમ્સના સ્ટોલ્સ ઊભા કર્યા હતા. આ માટે પ્રૉજેક્ટ ફાઈનાન્સ, આઈટમ પરચેઝ, પ્રિપેરેશન અને પ્રમોશનની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીઓએ નિભાવી હતી અને આવક-જાવકના હિસાબો સહિત સંપૂર્ણ પ્રૉજેક્ટ રિપોર્ટ સ્કૂલમાં જમા કરાવ્યો હતો. આ કાર્નિવલમાં સાંતા પરેડ, નાટક, ક્રિસમસ ડેકોરેશન, સાંતાક્લોઝ વગેરે અનેક આકર્ષણો ઉમેરવામાં આવ્યાં હતાં.

સતત ચોથા વર્ષે યાજોયેલા આ કાર્નિવલનો લાભ લગભગ ૩ હજાર લોકોએ લીધો હતો. રંગોલી ગ્રૂપના ચૅરમૅન પ્રહર અંજારિયાએ કાર્નિવલની સફળતા બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે ઊર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી જયપ્રકાશ વિદ્યાલય અને નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે ઊર્જા બચાવો અને ઊર્જા જાગૃતિ કાર્યક્રમનું આયોજન સોમવારે કરવામાં આવ્યું હતું, જેમાં અનિલભાઈ પટેલે શાળાના વિદ્યાર્થીઓને ઊર્જા સંસાધનો અને ઊર્જાના વિવેકપૂર્ણ ઉપયોગ દ્વારા ઊર્જા બચત વિશે ઑડિયો-વિઝ્યુઅલ ઉપકરણોની મદદથી રસપ્રદ જ્ઞાન પૂરું પાડ્યું હતું.

વિજ્ઞાન શિક્ષક શરદભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યું હતું.

પ્રતિભા એકેડેમી, ગાંધીનગર દ્વારા

# પ્રથમ ઈન્ટર સ્કૂલ આર્ચરી કોમ્પીટીશન યોજાઈ





ગાંધીનગર, તા. ૨૫

"પ્રતિભા એકેડેમી" દ્વારા "ગાંધીનગર ઈન્ટર સ્કૂલ આર્ચરી કોમ્પીટીશન-૨૦૧૮"નું ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકૂંભ સહિત ઓલિમ્પિકમાં સમાવેશ કરવામાં આવેલ છે તે આર્ચરીની રમતની આ "પ્રથમ ગાંધીનગર ઈન્ટર સ્કૂલ આર્ચરી કોમ્પીટીશન"માં વિવિધ સ્કૂલોના ૮૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં ૪૦ જેટલી વિદ્યાર્થીનીઓ પણ સામેલ હતી એ બાબત ઉલ્લેખનીય છે.

આ કોમ્પીટીશનને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના ઈલેક્ટેટ પ્રેસીડન્ટ ડૉ. અંકુર પરમાર તેમજ સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા ખુલ્લી મૂકવામાં આવી હતી.

સ્પર્ધા બાદ યોજાયેલ સમારોહમાં પ્રતિભા એકેડેમીના સ્થાપક ગૌરાંગ રાણા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. સંસ્થા પરિચય પ્રતિભા એકેડેમીના કોચ યોગેશભાઈ વિશ્વકર્મા દ્વારા આપવામાં આવ્યો હતો. ગુજરાત સરકારના રીટા. સનદી અધિકારી તેમજ હાલમાં ભારત સરકારના હુડકોના ઈન્ડ. ડાયરેક્ટર એસ. કે. નંદા દ્વારા પ્રતિભા એકેડેમીના આ પ્રયાસને બિરદાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના ગુજરાતના પ્રમુખ રાજ શેખાવત દ્વારા પણ પોતાના વક્તવ્યમાં સંસ્થાના સંચાલકોને બિરદાવીને આવી સ્પર્ધાના આયોજન બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમારોહમાં વાડોકાઈ કરાટે ડૉ-એકેડેમી, ભારતના ટેકનીકલ ડાયરેક્ટર અરવિંદ રાણા, રોટરી ક્લબ ઓફ કેપિટલના પાસ્ટ પ્રેસી. જગતભાઈ કારાણી, બી. કે. ચાવડા, યુવરાજ સિંહ, હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડના જયેશભાઈ મિસ્ત્રી, પ્રતિભા એકેડેમીના આણંદ બ્રાંચના ડાયરેક્ટર ચેતનભાઈ ફુમકીયા, પાર્થ ઠક્કર, લાયન્સ ક્લબના વાઈસ પ્રેસીડન્ટ મિત્તલબેન રાણા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા સ્પર્ધકોને ટ્રોફી તેમજ સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અનન્ય સ્કૂલ અને દ્વિતીય સ્થાને હિલવૂડ સ્કૂલ વિજેતા બની હતી. સમગ્ર સ્પર્ધાના આયોજનમાં પ્રતિભા એકેડેમીના આર્ચરી કોચ ચિરાગસિંહ રાઓલનું વિશિષ્ટ યોગદાન રહ્યું હતું.

રેફરી તરીકે સૂરજ ત્રિપાઠી, કેતનભાઈ ચૌધરી દ્વારા પોતાની સેવા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર પણ સહભાગી થઈ હતી. પૂર્ણાહુતિ સમારોહનું સંચાલન જયશ્રીબેન ખેતિયા દ્વારા કરવામાં આવ્યું હતું.